This Question Paper contains 4 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. : 222960

# 139(G)

**(March, 2019)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 47 પ્રશ્નો છે.
2) પ્રશ્નમાં આપેલ વિકલ્પો આંતરિક છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
4) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાનેથી જ શરૂ કરવો.

## વિભાગ - A

■ **નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર લખો.** **[10]**

1) ભારતમાં સૌથી વધુ કયા ધર્મના લોકો વસવાટ કરે છે ?
(A) ખ્રિસ્તી (B) હિન્દુ
(C) મુસ્લિમ (D) શીખ

2) હિન્દુ ધર્મનું ધર્મ પુસ્તક કયું છે ?
(A) શ્રીમદ્ ભગવત્ ગીતા (B) નવો કરાર
(C) કલ્પસૂત્ર (D) કુરાન-એ-શરીફ

3) આદિવાસીઓની સંખ્યાની દૃષ્ટિએ ભારત વિશ્વમાં કયા ક્રમે આવે છે ?
(A) પ્રથમ (B) દ્વિતીય
(C) તૃતીય (D) ચોથા

4) 'મહિલા રાષ્ટ્રીય પંચ' કાનૂન ક્યારે ઘડાયો ?
(A) 1954 (B) 1955
(C) 1971 (D) 1990

5) સંસ્કૃતિનું સમન્વીકરણ કઈ પ્રક્રિયાથી થાય છે ?

(A) ઉદ્યોગીકરણ (B) ખાનગીકરણ

(C) વૈશ્વિકીકરણ (D) આપેલ પૈકી કોઈ નહીં

6) ભારતના વડાપ્રધાનશ્રીએ સ્વચ્છતા અભિયાનનો આરંભ ક્યારે કરાવ્યો ?

(A) 22 જુલાઈ 2014 (B) 1 સપ્ટેમ્બર 2015

(C) 2 ઓક્ટોબર 2014 (D) 1 નવેમ્બર 2016

7) પંચાયતીરાજમાં સ્ત્રી અનામત કેટલા ટકા હોય છે ?

(A) 33 % (B) 22 %

(C) 40 % (D) 44 %

8) સમાધાન પંચમાં કેટલા સ્થાયી સભ્યો હોય છે ?

(A) ચાર (B) એક

(C) ત્રણ (D) બે

9) 'એનોમી'નો સિદ્ધાંત કોણે આપ્યો હતો ?

(A) હોર્ટન અને હન્ટ (B) માર્શલ ક્લિનાર્ડ

(C) હાવર્ડ બેકર (D) રોબર્ટ મર્ટન

10) 1930 માં નશીલા દ્રવ્યો પર પ્રતિબંધ મૂકતો કયો કાયદો ઘડવામાં આવ્યો ?

(A) ડેન્જરસ ડ્રગ્સ એક્ટ (B) પ્રોહિબિશન એક્ટ

(C) નાર્કોટિક ડ્રગ્સ એક્ટ (D) ઓપિયમ એક્ટ

## વિભાગ - B

■ **નીચે 11 થી 20 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

11) લોક વિદ્યા એટલે શું ?

12) ભારતના આદિવાસીઓનાં સંગીતમાં કયા વાજિંત્રોનો સમાવેશ થાય છે ?

13) ભારત સરકારે 'મંડલ પંચ'ની ભલામણોનો અમલ ક્યારથી કર્યો ?

14) 'SEWA' (સેવા)નું પુરું નામ જણાવો.

15) ઉદારીકરણની શરૂઆત ભારતમાં કઈ સાલથી થઈ ?

16) વૈશ્વિકીકરણની પ્રક્રિયાએ કયાં નવાં આંદોલનોને જન્મ આપ્યો છે ?

17) 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના કોણે કરી હતી ?

18) ડી.ડી.ઓ (D.D.O.) નું પૂરું નામ આપો.

19) બાળ અપરાધી કોને કહેવાય ?

20) 'સામાજિક વિમુખતા' એટલે શું ?

## વિભાગ - C

■ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.** **[22]**

21) વિનોબા ભાવેના મતે રાષ્ટ્રીય એકતા એટલે શું ?

22) 'ટેલિવિઝન દેશના નાગરિકોનું મનોવલણ રાષ્ટ્રપ્રેમ તરફી ઘડે છે' - સમજાવો.

23) ભારત અને ગુજરાતમાં અન્ય પછાત સમૂહો માટે કઈ આર્થિક યોજનાઓ અમલમાં છે ?

24) પ્રભાવી જ્ઞાતિનાં માપદંડો કયા કયા છે ?

25) સંસ્કૃતિકરણની પ્રક્રિયા દરમ્યાન સંઘર્ષ અને વિરોધ કેમ થાય છે ?

26) ડેવિડ બર્ગોનું સંચાર મોડલ સમજાવો.

**અથવા**

સમૂહસંચાર કોને કહેવાય ?

27) સામાજિક આંદોલનના પ્રકારો જણાવો.

28) ગ્રામ પંચાયતનાં આવકના સાધનો જણાવો.

29) ગાંધીજીએ ગ્રામ પંચાયતો માટે શું કહ્યું હતું ?

30) યુવા અજંપામાં જનરેશન ગેપ (પેઢીગાળો) શું ભાગ ભજવે છે ?

**અથવા**

બાળ અદાલત વિષે નોંધ લખો.

31) ભારતમાં અસમાન જાતિ પ્રમાણનાં નિર્માણમાં કઈ કઈ સામાજિક પરંપરાઓ અને કુપ્રથાઓ ભાગ ભજવે છે ?

## વિભાગ - D

■ **નીચેના 32 થી 42 સુધીના પ્રશ્નોના જવાબ આપો.** **[33]**

32) ભારતના નાગરિકોની કઈ ફરજોમાં રાષ્ટ્રીય એકતા નિદર્શિત થાય છે ?

33) ભારતીય સંસ્કૃતિનાં સ્વરૂપો જણાવી પ્રશિષ્ટ - ભદ્રવર્ગીય પરંપરા વિષે જણાવો.

34) ભારતમાં અને ગુજરાતમાં 'અન્ય પછાત સમૂહો' માટેની કલ્યાણ યોજનાઓની ટૂંકમાં માહિતી આપો.

35) સ્ત્રીલક્ષી કાયદાઓની જાણકારી આપી, તેના બંધારણીય અધિકારોની સમજ આપો.

**અથવા**

ગુજરાતમાં સ્ત્રીઓ માટેની યોજનાઓની જાણકારી આપી, આરોગ્ય ક્ષેત્રની યોજના વિષે જણાવો.

36) ઉદારીકરણની વ્યાખ્યા આપી, ઉદારીકરણનાં લાભો જણાવો.

37) સમૂહસંચારનાં આધુનિક માધ્યમો જણાવી, તેની શિક્ષણ ક્ષેત્ર પરની અસરો લખો.

38) તફાવત લખો – સુધારાવાદી આંદોલન અને ક્રાંતિકારી આંદોલન.

39) સામાજિક આંદોલનની અસરો જણાવો.

40) પંચાયતીરાજની નકારાત્મક સામાજિક અસરો જણાવો.

41) યુવા અજંપાના જૈવિક અને મનોવૈજ્ઞાનિક કારણો જણાવો.

42) એચ.આઈ.વી. એઇડ્સ - એક સામાજિક સમસ્યા છે - વિધાન સમજાવો.

**અથવા**

નશીલા દ્રવ્યોથી બચાવવા માટેનાં ઉપચારાત્મક પગલાં જણાવો.

## વિભાગ - E

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો. દરેક પ્રશ્નનો 5 ગુણ છે.** **[25]**

43) ભારત બહુધર્મી દેશ છે - આ વિધાન સમજાવો.

44) મહિલા સશક્તિકરણની વ્યાખ્યા આપી, તેનું મહત્ત્વ સમજાવો.

**અથવા**

મહિલાઓને રક્ષણ પૂરું પાડતા મુખ્ય કાનૂનોની નોંધ લખો.

45) સંચારનો અર્થ સમજાવી, તેની લાક્ષણિકતાઓ સમજાવો.

**અથવા**

વીજાણુ સમૂહસંચાર માધ્યમ તરીકે રેડિયોની સમજુતી આપો.

46) બાળ અપરાધની વ્યાખ્યા આપી, બાળ સુધારની સંસ્થાઓનો વિસ્તારથી સમજાવો.

**અથવા**

બાળ અપરાધનાં કારણોની વિગતે ચર્ચા કરો.

47) એઇડ્સનાં કારણોને વિસ્તારથી સમજાવો.

◆◆◆